सत्यमेव जयते

GJAN080020932024 **−::નમૂનો−અ::−** આંક−

| ઉમરેઠના એડિશ્નલ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ માં,<br>મુકામ: ઉમરેઠ.<br>ચુકાદાની તારીખ :− ૧૭/૦૭/૨૦૨૬<br>ફોજદારી કેસ નં:− ૧૪૩૧/૨૦૨૪ | |
|---|---|
| ગુનાની કલમ | **ભારતીય ન્યાય સંહીતાની કલમ−૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા મોટર વાહન અધિનિયમ કલમ−૧૭૭, ૧૮૪ મુજબ.** |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૧૫૦૧૪૨૪૦૪૦૨/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | ખંભોળજ |
| ફરીયાદીપક્ષ | સરકાર શ્રી. |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી **જે.સી.બારોટ** |
| આરોપીપક્ષ | **ઋતુરાજસિંહ કમલેશસિંહ રાવલજી**<br>ઉ.વ.આ.−પુખ્ત<br>રહે. ઓડ રાવલજીની ખડકી તા.જી.આણંદ |
| રજુઆત | વિ.વકીલશ્રી **એન.બી.રાઓલજી** |

**−::નમૂનો−બ::−**

| | |
|---|---|
| ગુન્હા ની તારીખ | ૧૨/૦૮/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૨/૦૮/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૧૬/૧૦/૨૦૨૪ |
| તહોમતનામાંની તારીખ | ૧૩/૧૧/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૪/૦૮/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૭/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૭/૦૭/૨૦૨૬ |

| | |
|---|---|
| સજા હુકમ ની તારીખ (લાગુ પડે તો) | – |

**::આરોપીની વિગત::**

| આરોપી નું અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | ઋતુરાજસિંહ કમલેશસિંહ રાવલજી | ૨૩/૦૮/૨૦૨૪ | | ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા મોટર વાહન અધિનિયમ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ. | નિર્દોષ છોડ્યા | – | – |

**::નમૂનો ક::**

**ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષી ની યાદી**

અ. ફરિયાદ પક્ષ

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા.૧ | કિરણસિંહ અંદરસિંહ | ફરીયાદી |
| ફ.સા.૨ | કાળુસિંહ છત્રસિંહ | પંચસાહેદ |
| ફ.સા.૩ | પ્રતાપસિંહ તખતસિંહ | પંચસાહેદ |
| ફ.સા.૪ | પપ્પુકુમાર કિરણસિંહ | સાહેદ |
| ફ.સા.૫ | અશોકકુમાર દલપતસિંહ | સાહેદ |
| ફ.સા.૬ | સચિનભાઈ કનુભાઈ રબારી | સાહેદ |
| ફ.સા.૭ | રાજેશકુમાર દિપસિંહ | ત.ક.અ |

**ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના આંક ની યાદી**

અ. ફરિયાદપક્ષ

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૬ | ફરીયાદી–કિરણસિંહ અંદરસિંહની જુબાની |
| ૨ | ૬–એ | ફરીયાદ |
| ૩ | ૦૭ | પંચસાહેદ–કાળુસિંહ છત્રસિંહની જુબાની |
| ૪ | ૦૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૫ | ૮–એ | ડોક્ટરને કરેલ યાદી |
| ૬ | ૦૯ | ઈજા પામનારનું સારવાર સર્ટી. |
| ૭ | ૧૦ | પંચસાહેદ–પ્રતાપસિંહ તખતસિંહની જુબાની |
| ૮ | ૧૧ | સાહેદ–પપ્પુકુમાર કિરણસિંહની જુબાની |
| ૯ | ૧૨ | સાહેદ–અશોકકુમાર દલપતસિંહની જુબાની |
| ૧૦ | ૧૩ | સાહેદ–સચિમભાઈ કનુભાઈ રબારીની જુબાની |
| ૧૧ | ૧૪ | આર.સી.બુકની નકલ, ઈન્સ્યોરન્સ પોલીસી, પી.યુ.સી.સર્ટી. |
| ૧૨ | ૧૫ | મેડીકલ સર્ટી. |
| ૧૩ | ૧૬ | ત.ક.અ–રાજેશકુમાર દિપસિંહની જુબાની |

**–:: હુ ક મ ::–**

**(૧) કેસની ટૂંકી હકીકત**

ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીએ ગઇ તા–૧૨/૦૮/૨૦૨૪ ના કલાક–૦૮/૧૫ વાગે મોજે ઓડ સુર્યગેટથી રતનપુરા ફાટકવાળા રોડ ઉપર આ કામના આરોપીએ મારૂતી સ્વીફ્ટ ગાડી નંબર GJ 23 CF 4313 ના ચાલકે તેઓની ગાડી પુર ઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી લઇ આવી ફરીયાદીના દિકરા પપ્પુરાજ નાઓના મોટર સાઇકલ નંબર GJ 23 DL 0355 ને સામેથી અથડાવી તેઓને બાઇક સાથે રોડની ગટરમાં ફગોળી દઇ એક્સીડન્ટ કરી બન્ને પગના સાથળના ભાગે તથા બન્ને ઘુટણમા તથા જમણા હાથમા ફ્રેક્ચર ઈજા તેમજ શરીરે વતા ઓછા પ્રમાણમાં ઈજાઓ પોહચાડી ગુનો કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા મોટર વાહન અધિનિયમ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો નોંધીને તપાસના અંતે

ત.ક.અ.શ્રી એ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસ કરી, તપાસના અંતે આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો હોય, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૧૯૩(૩) મુજબ ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરવામાં આવતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

**(૨) ન્યાયિક કાર્યવાહી**

હાલના કામના આરોપી વિરુદ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ થતાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ ભારતીય ન્યાય સંહીતાની કલમ-૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા મોટર વાહન અધિનિયમ કલમ-૧૭૭, ૧૮૪ ના ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઈ, ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ-૨૨૭ અન્વયે આરોપીને સમન્સ કાઢવામાં આવતાં આરોપી તેમના વિ.વ.શ્રી. મારફતે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલા હતા. ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૩૦ માં ઠરાવેલી જોગવાઈ અનુસાર આરોપીને તેઓને બચાવ માટે પોલીસ તપાસનાં કાગળોની નકલ વિનામૂલ્યે સોપ્યાની ખાતરી કર્યા બાદ ઉપરોક્ત ગુના અન્વયેની સજાની જોગવાઈ ધ્યાને લેતાં, આંક-૦૩ થી તહોમતનામું ઘડવામાં આવેલ છે અને આંક-૦૪ થી આરોપીનું નિવેદન નોંધતા તેની સામેનો ગુનાનો ઈનકાર કરેલ છે. જેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૬૫ મુજબ ફરીયાદપક્ષ નો પુરાવો નોંધેલ છે.

**(૩)** ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખીક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયત ભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં રજૂઆત કરેલ છે કે તેઓ નિર્દોષ છે, તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું અને ખોટું ચાર્જશીટ કરેલ છે.

**(૪)** આ કામે ફરિયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રી જે.સી.બારોટ અને આરોપીના વિ.વકીલશ્રી એન.બી.રાઓલજીની દલીલો સાંભળી.

આ કામે હાલના આરોપી સામે અક્ષેપિત ગુન્હાના ન્યાયી આખરી નિકલ સારી નીચે મુજબના  મુદ્દા ઉપસ્થિત થાય  છે.

**–।। મુદ્દાઓ ।।–**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ એ હકીક્ત નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઇ તા–૧૨/૦૮/૨૦૨૪ ના કલાક–૦૮/૧૫ વાગે મોજે ઓડ સુર્યગેટથી રતનપુરા ફાટકવાળા રોડ ઉપર આ કામના આરોપીએ મારૂતી સ્વીફ્ટ ગાડી નંબર GJ 23 CF 4313 ના ચાલકે તેઓની ગાડી પુર ઝડપે અને ગફ્ત ભરી રીતે ચલાવી લઇ આવી ફરીયાદીના દિકરા પપ્પુરાજ નાઓના મોટર સાઇકલ નંબર GJ 23 DL 0355 ને સામેથી અથડાવી તેઓને બાઇક સાથે રોડની ગટરમાં ફગોળી દઇ એક્સીડન્ટ કરી બન્ને પગના સાથળના ભાગે તથા બન્ને ઘુટણમા તથા જમણા હાથમા ફ્રેક્ચર ઈજા તેમજ શરીરે વતા ઓછા પ્રમાણમાં ઈજાઓ પોહચાડી ગુનો કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા  મોટર વાહન અધિનિયમ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શું હુકમ? |

**(૫)** ઉપરોક્ત મુદ્દાઓ ના આ અદાલતના મત મુજબ નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં** |
| (૨) | આખરી હુકમ મુજબ |

**–।। કારણો ।।–**

**(૬)** આ કામના વર્તમાન આરોપીઓ વિરુદ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જ્યાં સુધી આરોપી સામે ગુનો સાબિત ના થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનુ રહે છે. વધુમાં ફરિયાદી આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદમાં તે સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબિત કરવાના રહે છે. આમ, જ્યારે આરોપીઓ સામે જ્યારે ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા  મોટર

વાહન અધિનિયમ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હાનો આક્ષેપ છે, ત્યારે આ કામે ફરિયાદીપક્ષે સૌપ્રથમ હાલની કલમ પુરવાર કરવા માટે નીચે મુજબના આવશ્યક તત્વો નિઃશંકપણે પુરવાર કરવાના રહે છે;

**૧) અકસ્માત સમયે વાહનનો ચાલક હાલનો આરોપી જ હતો.**

**૨) અકસ્માત સમયે આરોપી આ વાહન પૂરઝડપે, ગફલતભરી રીતે અથવા બેદરકારી પૂર્વક મનુષ્ય જિંદગી જોખમાય તે રીતે હંકારી હોવાના કારણે અકસ્માત થયેલ.**

**૩) સવારી રાખનાર આ પ્રકારની બેદરકારીના કારણે અકસ્માત થયેલ હોય.**

(૭) આ કામે ફરીયાદપક્ષમાં મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવતા ફરીયાદપક્ષે આંક–૦૬ થી ફરીયાદી કિરણસિંહ અંદરસિંહને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓ તેમણી જુબાનીમાં જણાવે છે કે, તેમને સતાનમાં બે દિકરો છે જેમાં મોટાનું નામ પપ્પુરાજ અને નાના દિકરાનું નામ શૈલેષકુમાર છે. પપ્પુરાજ મહેમદાવાદ ગ્રામીણ બેન્ક ફાયનાન્સમાં માં ૨૦૨૪ ના વર્ષમાં નોકરી કરતો હતો. તેમના નાના ભાઈનું નામ ઘનશ્યામસિંહ અંદરસિંહ છે. જેઓ એક પ્લેટીના મો.સા.ન. જીજે–૨૩–ડી.એલ.–૦૩૫૫નું ધરાવે છે. આ મો.સાનો ઉપયોગ તેમનો દિકરો પપ્પુરાજ નોકરીએ આવવા જવા માટે કરે છે. તા. ૧૨/૦૮/૨૦૨૪ નાં રોજ સવારના ૭:૩૦ વાગ્યાના અરસામાં તેઓ તેમના ઘરે હાજર હતા તે સમયે તેમનો દિકરો પપ્પુરાજ મો.સા ને જીજે–૪૩–ડી.એલ.–૦૩૫૫ લઈ પ્રતાપપુરા શ્રી મહેમદાવાદ નોકરીએ જવા નીકળેલ હતો. તેના થોડા સમય બાદ તેમના ભત્રીજા અશોકભાઈ દલપતસિંહ ઘરે આવેલ અને જણાવેલ કે, ઓડ ગામે થી કોઈ વ્યક્તિએ ફોન કરી જાણ કરેલ છે કે, પપ્પુરાજને નોકરીએ જતા હતા તે દરમ્યાન ઓડ કલેશ્વરી માતા મંદિર આગળ રતનપુર ફાટક વાળા રોડ ઉપર ફોર વ્હિલ સાથે અકસ્માત થયેલ છે અને તેને ૧૦૮ માં આણંદ આઈરીસ હોસ્પીટલ ખાતે સારવાર માટે લઈ ગયેલ છે જેથી તે હકીકત જાણતા તેઓ તથા તેમનો ભત્રીજો તથા તેમની પત્ની ગંગાબેન આઈરીસ હોસ્પીટલ ખાતે ગયેલ હતા તે સમયે તેમનો દિકરો સારવાર માટે દાખલ હતો. તેમના દિકરાને જોતા તેના બંને પગ તથા જમણા હાથે તથા શરીરે ઈજા થયેલ હતી જેથી તેમના દિકરા પપ્પુરાજને પુછતા તેણે તેમને જણાવેલ કે, હું ઓડ સુર્ય ગેટ થી રતનપુર ફાટકવાળા રોડ ઉપર મારી સાઈડે મોટર સાઈકલ લઈ જતો હતો તે સમયે રતનપુર કાટક તરફથી એક સફેદ કલરની ફોર વ્હીલ ગાડી આવેલ જે સામેયો જે સામેથી તેમની મો.સા.ને અથડાતા મો.સા. સાથે હુ રોડની ગટરમાં ફંગોડાઈ ગયેલ હતો અને

મને વાગેલ હતું અને આ ફોર વ્હીલ ગાડી રોડની ગટરમાં ઉતરી ગયેલ હતી. આ ગાડીનો નંબર મેં જોયેલ તો તે જીજે–૨૩–સી.એફ.–૪૩૧૩ હતો. અકસ્માત સમયે કોઈ રાહદારીએ ૧૦૮ ને ફોન કરતા તે આવતા તેમને બેસાડી દવાખાને લાવવામાં આવેલ હતો. તે હકીકત તેમના દિકરાએ તેમને જણાવેલ હતી. આણંદ આઈરીસ હોસ્પીટલ ખાતે તેમનો દિકરાને થયેલ ઈજા સંદર્ભે દવાનો ખર્ચ વધુ આવે તેમ હોય જેથી તેમના દિકરાને સારવાર માટે નડીયાદ માધવ હોસ્પીટલ ખાતે દાખલ કરેલ હતો. તેમના દીકરાની સારવાર દરમ્યાન ડોક્ટર સાહેબે એકસરે પાડતા તેના બને પગનાં સાથળના ભાગે તથા બંને ઘૂંટણના તથા બંને હાથમાં કેકક્ચરની ઈજાઓ જણાઈ આવેલ હતી અને શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થયેલ હતી. સદર અકસ્માત સંદર્ભે તેઓએ ખંભોળજ પો.સ્ટે ખાતે બનાવ સંદર્ભની ફરીયાદ આપેલ હતી.

સદર ફરીયાદીની ઉલટ તપાસ જોતા એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે કહેવાતો બનાવ બનેલ તે વખતે તેઓ તેઓના ઘરે હતા. એ વાત ખરી છે કે કહેવાતો બનાવ તેઓએ તેઓની નજરે જોયેલ નથી જેથી અકસ્માત કરનાર વાહનની સ્પીડ કેટલી હતી. તે તેઓ કહી શકે નહી. એ વાત ખરી છે કે કહેવાતા બનાવની જાણ તેઓને તેઓના ભત્રીજાએ કરેલી. એ વાત ખરી છે કે તેઓને બનાવ અંગે જાણ થતા તેઓ દવાખાને ગયેલા. એ વાત ખરી છે કે તેઓ બનાવ વાળી જગ્યાએ ગયેલ નથી. એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યા તેઓએ નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતા બનાવમાં તેઓનો દિકરો અર્ધબેભાન થઈ ગયેલો હતો અને તે બોલતો ન હતો.

(૮) આ કામે ફરીયાદપક્ષમાં મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવતા ફરીયાદપક્ષે આંક–૧૧ થી સાહેદ પપ્પુકુમાર કિરણસિંહને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓ તેમણી જુબાનીમાં જણાવે છે કે, તેઓ મહેમદાવાદ ક્રેડીટ એકસીસ ગ્રામીણ લી. ફાઈનાન્સમાં કેન્દ્ર મેનેજર તરીકે નોકરી કરે છે. તેમની પત્નીનું નામ સોનલબેન છે અને સંતાનમાં એક દિકરો છે તેઓ તેમના ઉપયોગ માટે તેમના કાકા ધનશ્યામભાઈના નામે નોંધાયેલ મો.સા. નં. જીજે–૨૩–ડી.એલ.–૦૩૫૫ નો ઉપયોગ કરે છે. તા.૧૨/૦૮/૨૦૨૪ નાં રોજ તેઓ પ્લેટીના મોટર સાઈકલ નં જીજે–૨૩–ડી.એલ.–૦૩૫૫ લઈ તેમના ઘરે થી સવારના સાડા સાત વાગ્યાના અરસામાં મહેદાબાદ મુકામે નોકરીએ જવા માટે નિકળેલ તો તે સમયે નામજીપુરા થઈ ઓડ ગામે, ઓડ સ્ટેશન રોડ ઉપર તેઓ તેમની સાઈડે હતા તે સમયે રતનપુરા

ફાટક પાસેથી એક ફોર વ્હીલ ગાડી આવેલ જે તેમની મો.સા.ને અથડાતા અકસ્માત થયેલ હતો. આ ફોર વ્હીલ ગાડીનો નંબર હાલ તેમને યાદ નથી. આ અકસ્માતમાં તેમના બંને પગે તથા જમણા હાથે ઈજા થયેલ હતી. તે સમયે કોઈએ ૧૦૮ ને કોલ કરતા ૧૦૮ આવી જતા તેમને પ્રથમ સારવાર માટે ઓડ સરકારી દવાખાને લઈ ગાવેલા હતા ત્યાથી વધુ સારવાર માટે આણંદ આઈરીસ હોસ્પીટલ ખાતે લઈ ગયેલા અને ત્યાંથી દવાનો ખર્ચ વધુ કહેતા તેઓને નડિયાદ માધવ હોસ્પીટલ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવેલ હતો. તેમને જમણા હાથે તથા પંજાના ભાગે ફ્રેકચરની ઈજા થયેલ હતી તેમજ બંને પગના સાથળના તથા ઘુટણ તથા ડાબા ખંભાના ભાગે ફ્રેકચરની ઈજા થયેલ તે સબબ ઓપરેશન કરવામાં આવેલ હતા. તેમને તા.૨૮/૦૮/૨૦૨૪ ના રોજ દવાખાના માંથી રજા આપેલ હતી. ત્યારબાદ પણ તેમની સારવાર ચાલુ હતી. અકસ્માત સંદર્ભે તેમના પિતાએ પોલીસ ફરિયાદ આપેલ હતી.

સદર સાહેદની ઉલટ તપાસ જોતા એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે અકસ્માત થયેલ ત્યાર પછી તેઓ બેભાન થઈ ગયેલ. તેઓ ૪ થી ૫ દિવસ પછી ભાનમાં આવેલ. એ વાત ખરી છે કે વાહન લઈ જતા હોય ત્યારે પાછળ થી આગળ આવતા કે સામેથી આવતા વાહનનો નંબર જોઈ શકાય નહી. એ વાત ખરી છે કે તેઓ બેભાન હતા જેથી બનાવ કેવી રીતે બનેલ તે તેઓ કહી શકે નહી.

(૯) આ કામે ફરીયાદપક્ષમાં મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવતા ફરીયાદપક્ષે આંક-૧૨ થી સાહેદ અશોકકુમાર દલપતસિંહને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓ તેમણી જુબાનીમાં જણાવે છે કે, તેઓ તેઓના ઘરની નજીક કિરણસિંહ અંદરસિંહ ચૌહાણનાઓ પરિવાર સાથે રહે છે અને તેમના પુત્રનું નામ પપ્પુરાજ છે. તેઓ મહેમદાવાદ ક્રેડીટ એકસીસ ગ્રામીણ લી. ફાઈનાન્સમાં કેન્દ્ર મેનેજર તરીકે નોકરી કરે છે અને તેઓ તેમના ઉપયોગ માટે તેમના કાકા ધનશ્યામભાઈના નામે નોંધાયેલ મો.સા.નં. જીજે-૨૩-ડી.એલ.-૦૩૫૫ ની ઉપયોગ કરે છે. તા. ૧૨/૦૮/૨૦૨૪ નાં રોજ તેઓ તેમના ઘરે હાજર હતો તે દરમ્યાન સાડા સાત વાગ્યે કોઈ અજાણ્યા ઈસમનો ફોન આવેલ અને જણાવેલ કે, ઓડ કલેશ્વરી માતાના મંદિર આગળ રતનપુરા ફાટકવાળા રોડ ઉપર ફોર વ્હીલ સાથે પપ્પુરાજનો અકસ્માત થયેલ છે અને તેમને ૧૦૮ માં આણંદ આઈરીશ હોસ્પીટલ ખાતે લઈ જાય છે તેવી હકીકત જાણવા મળતા તેઓ તરત જ પપ્પુરાજના ઘરે ગયેલ હતા અને તેમના માતા-પિતાને ઘટનાની જાણ કરેલ ત્યારબાદ તેઓ બધા આઈરીસ

હોસ્પીટલ ખાતે ગયેલા અને ત્યાં જઈ પપ્પુરાજને જોતા તેમના બંને પગ તથા જમણા હાથે તથા શરીરે ઈજાઓ થયેલ હતી. તે સમયે પપ્પુરાજને પુછતા પપ્પુરાજે જણાવેલ કે, હું મો.સા. નં. જીજે-૨૩-ડી.એલ.-૦૩૫૫ નું લઈ જતો હતો તે દરમ્યાના રતનપુરા ફાટક પાસેથી એક સફેદ કલરની ફોર વ્હીલ ગાડી સામેથી મારા મો.સા.ને અથડાતા અકસ્માત થયેલ હતો. તે સમયે કોઈએ ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ આવી જતા તેમને દવાખાને લઈ ગયેલા હતા તે હકીકત તેમણે તેમને જણાવેલ હતી. અકસ્માત કરનાર ફોર વ્હીલ ગાડીનો નંબર હાલ તેમને યાદ નથી. તેમના મિત્ર પપ્પુરાજને પ્રથમ સારવાર માટે ઓડ સરકારી દવાખાને લઈ ગયેલા હતા ત્યાંથી વધુ સારવાર માટે આણંદ આઈરીસ હોસ્પીટલ ખાતે લઈ ગયેલા અને ત્યાંથી દવાનો ખર્ચ વધુ કહેતા નડીયાદ માધવ હોસ્પીટલ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવેલ હતા. પપ્પુરાજને જમણા હાથે તથા પંજાના ભાગે ફેકચરની ઈજા થયેલ હતી તેમજ બન્ને પગના સાથળના તથા ઘુંટણ તથા ડાબા ખંભાના ભાગે ફેકચરની ઈજા થયેલ તે સબબ ઓપરેશન કરવામાં આવેલ હતું પપ્પુરાજને તા.૨૮/૦૮/૨૦૨૪ નાં રોજ દવાખાનામાંથી રજા આપેલ હતી. ત્યારબાદ પણ તેઓની સારવાર ચાલુ હતી. અકસ્માત સંદર્ભે પપ્પુરાજના પિતાએ પોલીસ ફરીયાદ આપેલ હતી.

સદર સાહેદની ઉલટ તપાસ જોતા એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે બનાવ સમયે તેઓ તેઓના ઘરે હતા. એ વાત ખરી છે કે બનાવ કેવી રીતે બન્યો અને કેની બેદરકારી થી બનેલ તે તેઓ કહી શકે નહી.

<u>(૧૦)</u> આ કામે ફરીયાદપક્ષમાં મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવતા ફરીયાદપક્ષે આંક-૧૩ થી સાહેદ સચિનભાઈ કનુભાઈ રબારીને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓ તેમણી જુબાનીમાં જણાવે છે કે, તેઓ પશુપાલનનો વ્યવસાય કરે છે, તેમની પાસે એક સ્વીફ્ટ ગાડી નં. જીજે-૨૩-સી.એફ.-૪૩૧૩ ની ધરાવે છે. તેમના ડ્રાઈવર તરીકે ઋતુરાજસિંહ કમલેશસિંહ રાવલજીનાઓ તેમની સાથે તેમને જરૂર હોય ત્યારે આવે છે અને તેમની ગાડી તેઓની પાસે રહે છે. તા. ૧૨/૦૮/૨૦૨૪ નાં રોજ તેઓ તેમના ઘરે હાજર હતા તે વખતે તેમના ડ્રાઈવર ઋતુરાજસિંહ કમલેશસિંહ રાવલજીનાઓએ તેમને ફોન ધ્વારા જણાવેલા કે તમારી સ્વીફ્ટ ગાડી નં. જીજે-૨૩-સી.એફ.-૪૩૧૩ ની લઈને તેઓ ઓડ મેલડીમાતાના મંદિર સામે આવેલ ખેતરમાં કામ અર્થે ગયેલ હતા અને કામ પતાવી પરત તેમના ઘરે ઓડ ખાતે આવતા હતા તે દરમ્યાન પોણા આઠ વાગ્યાના અરસામાં ઓડ સ્ટેશન

રોડ ઉપર આવેલ ઉતરી તળાવ નજીક થઈ સુર્ય ગેટ તરફથી એક મો.સા. આવતા ગાડીના આગળના ભાગે અથડાયેલ છે જેથી મો.સા. ચાલકને વાગેલ છે તેવી વાત જણાવતા તેઓ ઓડ ઉતરી તળાવ સામે આવેલ ઓડ સ્ટેશન રોડ ઉપર ગયેલ અને જોયેલ તો તેમની સ્વીફ્ટ કારને આગળના ભાગે નુકશાન થયેલ હતું અને આ તેમની ગાડી સ્વિફ્ટ ગાડી નં. જીજે–૨૩–સી.એફ.–૪૩૧૩ ના ચાલક ઋતુરાજસિંહને કોઈ ઈજા થયેલી નહી અને તે સમયે ગાડી આગળ એક પ્લેટીના મો.સા. નં. જીજે–૨૩–ડી.એલ.–૦૩૫૫ ચાલક કિરણ સિંહ અંદરસિંહ ચોહાણનાઓએ તેમના દિકરા મો.સા.ના ચાલક પપ્પુરાજ કિરણસિંહ ચૌહાણનાઓને વાગેલ હોય બનાવ અંતર્ગત ખંભોળજ પો.સ્ટે. ખાતે ફરીયાદ આપેલ હતી.

સદર સાહેદની ઉલટ તપાસ જોતા એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે તેઓ બે ગાડીઓ ધરાવે વે છે. એ વાત ખરી છે કે તેઓની ગાડીઓ તેઓના મિત્રો લઈ જતા હોય છે. એ વાત ખરી છે કે કહેવાતા બનાવના દિવસે તેઓની સ્વીફ્ટ ગાડી કોણ લઈ ગયેલ તે તેઓ કહી શકે નહી. એ વાત ખરી છે કે કહેવાતા બનાવ સમયે તેઓ તેઓના ઘરે હતા. એ વાત ખરી છે કે કહેવાતા બનાવની કોઈ જાત માહીતી નથી અને બનાવ કોની બેદરકારી થી બનેલો તે તેઓ કહી શકે નહી. એ વાત ખરી છે કે બનાવ સમયે તેઓની ગાડી કોણ ચલાવતું હતું તે તેઓ કહી શકે નહી.

<u>(૧૧)</u> આ કામે ફરીયાદપક્ષમાં મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવતા ફરીયાદપક્ષે આંક–૧૬ થી ત.ક.અ રાજેશકુમાર દિપસિંહને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓ તેમણી જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૨૪ માં ખંભોળજ પો.સ્ટે. ખાતે અ.હે.કો. તરીકે ફરજ બજાવતો હતો. તા.૧૨/૦૮/૨૦૨૪ નાં રોજ ખંભોળજ પો.સ્ટે. ગુ.ર.નં. ૦૪૦૨/૨૪, બી.એન.એસ. કલમ–૧૨૫(એ)(બી), ૨૮૧ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબની ફરીયાદ ફરીયાદી કિરણ સિંહ અરવિંદસિંહ ચૌહાણનાઓએ આપેલી. જે ફરીયાદ આંક–૬/એ થી રજુ છે તે જ ફરીયાદ અમોને તપાસના કામે સુપ્રત કરવામાં આવેલ. સદર ગુનાના કામે તેઓએ પંચોના લખાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ અને પંચોની સહીઓ લીધેલી અને રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. જે પંચનામું આ કામે આંક–૮ થી રજુ છે તે જ છે. આ કામે તેઓએ લાગતા વળગતા સાહેદ તથા ઈજા પામનાર સાહેદ પપ્પુકુમાર કિરણસિંહ ચૌહાણનાઓનું નિવેદન લીધેલ. સદર કામે તેઓએ ઈજા પામનારને માધવ હોસ્પીટલ નડીયાદ ખાતે સારવાર કરાવેલ તે સારવાર સર્ટી.

મેળવવા માટે ડોક્ટરશ્રીને યાદી કરેલ જે અસલ યાદીમાં તેઓની સહી છે જે અસલ યાદી આ કામે આંક–૮/એ થી રજુ છે તે જ છે. તેમજ માધવ હોસ્પીટલ દ્વારા ઈજા પામનારની સારવાર અંગેનું સર્ટી. મેળવી તપાસનાં કામે સામેલ રાખેલ જે સર્ટી. આ કામે આંક–૦૯ થી રજુ છે. સદર કામે તેઓએ અકસ્માતમાં સંડોવાયેલ સ્વિફ્ટ ગાડી ની આર.ટી.ઓ.ની આર.સી. બુકની ઝેરોક્ષ નકલ તેમજ સદર મારૂતી સ્વિફ્ટ ગાડીની ઇન્સ્યોરન્સ પોલીસીની નકલ તેમજ પી.યુ.સી. સર્ટીફિકેટ તપાસના કામે સામેલ રાખેલ જે સંયુકત કાગળ ૧ થી ૩ ને આંક–૧૪ થી રજુ છે તે જ છે. સદર કામે આરોપીને અટક કરી તેનાં જામીન અત્રે લીધેલ અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા જણાતા નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

સદર ત.ક.અની ઉલટ તપાસ જોતા એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી નથી કે સદર કામે સાહેદોનાં નામ સરનામા પુછેલ તે સિવાય બીજુ કંઈ પુછેલ નહી. એ વાત ખરી છે કે આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધેલ નથી. એ વાત ખરી નથી કે તૈયાર પંચનામામાં પંચોની સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે આરોપીએ આવો કોઈ ગુનો કરેલ ન હોય તેમ છતાં નામ. કોર્ટમાં ખોટું ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૧૨)** હાલના કામે રજુ ફરીયાદપક્ષનો મૌખીક પુરાવો વંચાણે લેવામાં આવે તો આ કામના ફરીયાદી કે જેઓ ઈજા પામનારના પિતા હોય અને તેઓને બનાવની જાણ થતા તેઓ સીધા હોસ્પીટલ ગયેલ હતા અને તેઓ બનાવનો તાગ ઈજા પામનાર પાસેથી મેળવેલ હતો. પરંતુ તેઓના મૌખીક પુરવા પરથી બનાવ સમયે તેઓ ત્યાં હાજર ન હોય એટલે અકસ્માત કરનાર વાહનની કેટલી સ્પીડ હતી તે તેઓ જણાવી શકેલ નથી. અને તેઓ બનાવ વાળી જગ્યા પર પણ ગયેલા નથી જેથી સદર સાહેદની જુબાની પરથી અકસ્માત સમયે બનાવવાળું વાહન હાલના કામના આરોપી જ ચલાવતા હતા અને ગફલતભરી રીતે ચલાવતા હતા તે હકીકત રેકર્ડ પર આવતી નથી. વધુમાં હાલના કામે બનાવવાળી જગ્યાના પંચો ફરી ગયેલ હોય જેથી તેઓના મૌખીક પુરાવાથી આંક–૦૮ થી રજુ બનાવવાળી જગ્યાનું પંચનામું પુરવાર થતુ નથી. વધુમાં હાલના કામે આંક–૦૯ થી રજુ ઈન્જરી સર્ટીફીકેટ વંચાણે લેવામાં આવે તો તેમાં પણ બનાવવાળા વાહનથી અકસ્માત થયેલાની હકીકત જણાઈ આવતી નથી. વધુમાં આ કામે આંક–૧૧ થી ઈજા પામનાર સાહેદને તપાસવામાં આવેલા પરંતુ તેઓના મૌખીક પુરાવા પરથી પણ બનાવ સમયે અકસ્માતવાળુ વાહન હાલના કામના આરોપી જ ચલાવતા હતા કે કેમ તે હકીકત પુરવાર થયેલ

નથી. વળી હાલના કામે આંક–૧૨ થી અશોકકુમાર દલપતસિંહનાઓ બનાવ સમયે તેઓના ઘરે હાજર હતા તેથી બનાવ કેવી રીતે બન્યો અને કોની બેદરકારીથી બન્યો તે પણ તેઓ કહી શકેલ નથી. વધુમાં આંક–૧૩ થી સચિનભાઈ કનુભાઈનો મૌખીક પુરાવો ધ્યાને લેવામાં આવે તો બનાવ સમયે બનાવ સ્થળે હાજર ન હોય જેથી તેઓ પણ બનાવની હકીકત જણાવી શકેલ નથી. વધુમાં તપાસ કરનાર અમલદારનો આંક–૧૬ થી રજુ મૌખીક પુરાવો ધ્યાને લેતા તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદ તપાસેલ નથી અને હાલનો બનાવ હાલના કામના આરોપીની જ બેદરકારીથી બનેલ હોય તેવી હકીકત રેકર્ડ પર આવતી નથી. આમ હાલના કામે ફરીયાદપક્ષ તેઓનો કેસ નિ:શંકપણે શંકાથી પર પુરવાર કરવામાં સફળ રહેલ ન જોય જેથી તેનો લાભ આરોપીપક્ષને મળવાપાત્ર છે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ તેવું મારૂ માનવુ છે.

(૧૩) આમ, આ કામે હાલના ઈજા પામનાર સાહેદનો પુરાવો ધ્યાને લેવામા આવે તો, આ કામે હાલના સાહેદ પોતાની સાથે બનેલ બનાવ બાબતે સમર્થન કારક પુરાવો રજૂ કરે છે પરંતુ હાલનો બનાવ હાલના આરોપી દ્વારા બનેલ છે કે કેમ? તે બાબતે પોતાની સરતપાસ દરમિયાન હાલના આરોપી આ બનાવવાળુ વાહન ચલાવતા હોવા બાબતે સ્પષ્ટતા કરેલ નથી, તેમજ તેઓની જુબાની ને પુરવાકીય મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે તેઓ દ્વારા હાલના આરોપી આ વાહન ચલાવતા હોય અને તેઓની બેદરકારી અથવા તો ગફલતભરી રીતે વાહન ચાલવાના કારણસર હાલનો બનાવ બનેલ હોવા બાબતે કોઈ સમર્થન કારક પુરાવો મળી રહેતો નથી.

(૧૪) આ કામે આરોપી દ્વારા ફરિયાદીને તથા ફરીયાદીના સાહેદને થયેલ ઈજા અંગેના મેડીકલ સર્ટીફીકેટ ને કબુલ કરેલા છે જેથી તેઓ સર્ટિફિકેટ ને આંક–૦૯ અને આંક–૧૫ આપવામાં આવેલા છે અને વધુમાં શેરો મારતા જણાવેલ છે કે સદરહુ મેડીકલ સર્ટી ને આંકે પાડી વંચાણે લેવામાં આવે તો વાંધો નથી. તથા આરોપીપક્ષ દ્વારા ગુનાવાળી જગ્યાના પંચનામાંને આંકે પાડવા સામે વાંધો નથી જેથી સદર દસ્તાવેજને આંક–૦૮ આપવામાં આવેલા છે.

(૧૫) આમ, આ કામે જયારે બનાવ દરમ્યાન ઈજા પામનાર ધ્વારા આ વાહન કોણ ચલાવતું હતું અને બેદરકારી ભરી રીતે અથવા તો ગફલત ભરી રીતે ચલાવતા

હતા કે કેમ? તે બાબતે જયારે ઈજા પામનાર ધ્વારા આરોપીની ઓળખ અંગે વિશ્વાસપાત્ર પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**(૧૬)** ઉપરોકત સાહેદોની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો હાલના બનાવમાં હાલના આરોપી બનાવ સમયે અકસ્માતવાળું વાહન ચલાવતા હોય, તેમજ તે સમયે આ આરોપી ઉપરોકત વાહન ગફલતભરી, બેદરકારી રીતે, અથવા તો મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે ચલાવી હાલનો અકસ્માત કરેલ, તેવો કોઈ વિશ્વાસપાત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. તેમજ આ સાહેદોનો પુરાવો જેમને તેમ સ્વીકારી લેવામાં આવે તો પણ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબના કોઈ મહત્વના તત્વો ફલીત કરતો પુરાવો આ ઉપરોકત સાહેદો દ્બારા પોતાની સોગંદ પરના પુરાવામાં જણાવવામાં આવેલ નથી. ત્યારે આ પુરાવા આધારે હાલના આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવવા માટે કોઈ નકકર પુરાવાઓ આ કામે ફરિયાદી પક્ષે રજુ કરવામાં આવેલ નથી.

**(૧૭)** હાલની ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો કોઈ પણ વ્યકિતને આ ગુના અન્વયે ત્યારે જ તકસીરવાન ઠરાવી શકાય છે કે જ્યારે પુરાવાકીય રીતે આરોપી બનાવ સમયે તેવું કૃત્ય કરેલ હોય કે બેફામ અથવા બેદરકારી રીતે કરવામાં આવેલ હોય, પરંતું ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ આ કામે ફરિયાદ પક્ષે રજુ કરવામાં આવેલ મૌખીક પુરાવાઓને ધ્યાને લેવામાં આવે તો આ કામે હાલનો આરોપી બનાવ સમયે બનાવવાળું વાહન ચલાવતો હોય તેમજ બેફામ રીતે, બેદરકારી ભરી રીતે અથવા તો મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે ચલાવતો હોવા બાબતે કોઈ સક્ષમ પુરાવો મળી રહેલ નથી. ત્યારે હાલના આક્ષેપીત ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબ તકસીરવાન ઠરાવી શકાય નહીં તેમ મારૂ નમ્રપણે માનવું છે.

જયારે આ કામે હાલના આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા મોટર વાહન અધિનિયમ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો આક્ષેપ છે. જે બંને કલમો ઈજા પામનારને બેદરકારી, ગફલત ભર્યા કૃત્યના કારણે વ્યથા તથા મહાવ્યથા થવા અંગેની છે. પરંતુ જયારે આ કામે હાલના આરોપી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧ અન્વયે વાહન ચલાવી કોઈ

બેદરકારી, ગફલત ભર્યા કૃત્યને આધારે આ ગુનો બનેલ હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોય, ત્યારે હાલના આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોવાનું મારૂ નમ્રપણે માનવું છે તથા મોટર વાહન અધિનિયમ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુના માટે જયારે આ કામે હાલના આરોપી જ બનાવવાનું વાહન ચલાવતા હોય અને તે બેદરકારી ભરી રીતે ચલાવતા હોય અને તેથી થયેલ અકસ્માત બાદ તેઓ ભાગી ગયેલ હોવાની હકીકત પણ પુરવાર થતી ન હોય ત્યારે પણ હાલના આરોપીને મોટર વાહન અધિનિયમ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું મારૂ નમ્રપણે માનવું છે.

<u>(૧૮)</u> આમ ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા, તેમજ ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો તે ફરીયાદપક્ષને મદદરૂપ સમર્થન કરતો પુરાવો બનતો નથી. આ કામે તપાસેલ સાહેદોએ મોટર સાઇકલના ચાલક વિશે કોઈ જ માહિતી આપેલ નથી. આમ, જયારે અકસ્માત કરનાર ચાલાક આરોપી જ હતો તેવું પુરવાર થતુ નથી, ત્યારે ના. સુપ્રીમ કોર્ટ દ્વારા [2014] 1 Crimes (SC) 319, Basappa V/s. State of Karnataka ના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં, જયાં સુધી ફરીયાદ પક્ષ અકસ્માતવાળું વાહન અકસ્માત સમયે આરોપી દ્વારા ચલાવવામાં આવતું હતું તે હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ રહેતા હોય, ત્યારે તેવા સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી , જયારે આ કેસની ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલ તમામ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામે અકસ્માતવાળું વાહન કોણ ચલાવતું હતું તે બાબતે કોઈ વિશ્વાસપાત્ર પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી આરોપીએ વાહનનો કબજો ધરાવી તેની બેદરકારીના કારણે અકસ્માત થયાનું પુરવાર થતુ નથી. તેથી આરોપીને દોષીત માની શકાય નહી અને માત્ર અનુમાન કે ધારણાના આધારે બેદરકારી કે ઓળખ નકકી કરી શકાય નહી.

આમ, આ સંજોગોમાં આરોપીના નોંધવામાં આવેલ નિવેદનમાં જણાવ્યા મુજબનો આક્ષેપીત ગુનો કરેલો હોવાનું શંકાથી પર રહીને સાબીત કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડતા હોવાનું મારૂ નમ્રપણે માનવું હોય મુદ્દા નં.૧નો નિર્ણય ''નકારમાં" નિર્ણિત કરી, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકતો મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**૧)** આ કામના આરોપી ઋતુરાજસિંહ કમલેશસિંહ રાવલજીને ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૭૮(૧) અન્વયે કલમ–૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ તથા મોટર વાહન અધિનિયમ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨)** આરોપીના જામીનખત તથા જાતમુચરકા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૧ અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમય ગાળા માટે લંબાવવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૧૭ મી, માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ: ઉમરેઠ
તારીખ : ૧૭/૦૭/૨૦૨૬ ..

**( પાર્થ પ્રવીણચંદ્ર ચૌહાણ )**
એડિશ્નલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ઉમરેઠ
*(JUDGE CODE GJ-01692)*

D.M.Talpada–Steno.